आसन्न उपकारी, शासनपति भगवान महावीरना निर्वाण प्रसंगथी आसो वद अमासनी काळी रात पण दीवाळी जेवा पवित्र पर्वपणाने पामी तेवा प्रभु सदाय जयवंत वर्तो। प्रभु निमित्ते प्रवर्तेल पर्व दीवाळी आजे भारतभरमां खूब ज धामधूमथी उजवाय छे। आ पर्वने लईने दरेक घरोमां अगाउथी ज साफ-सफाई, विविध पक्कान्नादि थवा लागे छे। आ परिस्थितिमां आध्यात्मिक दीपावलीनी उजवणी केवी रीते करवी ते कळा सीखवती एक प्रायः अप्रकाशित कृतिनुं अत्रे प्रकाशन करवामां आवी रह्युं छे।

आ कृतिना प्रकारनुं नाम "गीत", "स्तवन" अने "सज्झाय" आम विविध पाठभेदो धरावती विविध हस्तप्रतोमां अलग अलग रीते मळे छे। आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर स्थित वि.सं. १९२६नी एक प्रत क्र. १२६०९५मां सज्झाय शब्द वापर्यो छे। प्रत क्र. ४२४६९मां स्तवन अने प्रत क्र. ४८०८१मां गीत शब्द वापर्यो छे। कृति उपदेशपरक विशेष जणातां अमे आमांथी सज्झाय प्रकारने प्रधानता आपी छे। अत्रे प्रकाशित करेल कृति बे भिन्न-भिन्न प्रतोमां थोडाक फेरफार साथे मळे छे। जेमां पाठभेद साथे आंकणी अने गाथा संख्यानो पण तफावत आवे छे। एकमां सात तो बीजीमां बार गाथाओ छे। आ स्थितिमां अमे पाठांतर न आपतां बन्ने प्रतोनो संपूर्ण पाठ ज प्रस्तुत लेखमां मूकी दीधेल छे। आमां प्रत क्र. ४८०८१मां गाथा ७ छे अने पाठ कंईक व्यवस्थित जणातो होवाथी प्रथम क्रमांक पर राखेल छे अने त्यारबाद प्रत क्र.४२४६९ के जेमां गाथा १२ अने पाठ थोडो अशुद्ध जणाय छे तेने द्वितीय क्रमे राखेल छे। ध्यानथी जोता एम मानवानुं कारण मळे छे के कर्ताए पोते ज प्रथम लघु रचना करी पाछळथी एनी मोटी आवृत्ति बनावी छे. एटले एम संबद्ध छे, छतां पण स्वतंत्र कही शकाय। कोबामां अन्य पण एक प्रत क्र. १२६०९५ छे। जेमां पाठ उपरोक्त बन्ने प्रतो करतां शुद्ध जणाय छे। प्रत जीर्ण अने खंडित होवा छतां शक्य पाठांशने फूटनोटमां उतारेल छे।

आ प्रतमां प्रथम कृतिनी जेम ७ गाथा छे, छतां केटलोक पाठांश बीजी कृति साथे पण मळे छे, तेनो पाठांश ते कृतिनी फूटनोटमां नोंधेल छे. त्रीजी प्रतमां क्यांक हिन्दी शब्दप्रयोग पण जोवा मळे छे।

**कृति परिचयः-**

कृति परिचय माटे आम तो कृति नाम ज पर्याप्त छे। दीवाळी पर्व आवतां

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घरमां कराती तैयारीना स्थाने घटमां करवानी तैयारी दर्शावी आध्यात्मिक दीपावली मनाववानो संदेश आ कृतिमां कर्ताए आप्यो छे।

जेम सर्व तीर्थोमां शत्रुंजयतीर्थ मोटुं छे तेम कर्ताए सर्व पर्वमां दीवाळी पर्वने मोटुं पर्व कह्युं छे अने तेने आत्मगुणो वडे करीने आध्यात्मिक रीतथी उजववानी वात जणावी छे। समकित वडे आत्मानुं लिंपण करवुं, शील वडे देहने धोळवो, ज्ञान-विज्ञान वडे आत्माने चितरवो, उपशम जलथी स्नान, छट्ठ, पोसह, सोल प्रहर दीवा करी मोक्षद्वार उद्घाटननी वात करी छे। नवतत्त्व अने नवकाररूपी मोदक, सेव, सुखडी वगेरे तथा बार व्रत ते उत्तम दाळभातघीनुं जमण नित्य जे करे छे, सुगुरु वचननुं सालणु, सत्यवचननुं तंबोल करीने जे रहे छे तेने घेर नित्य दीवाळी थाय छे तेम कर्ता नोंधे छे।

द्वितीय क्रमे रहेल कृतिपाठमां विशेष ए छे के प्रभुना निर्वाण बाद प्रभुनी बहेने भाई नंदीवर्धनने पोताना घेर जमवा माटे बोलाव्या हता। तेनुं वर्णन खूब सरस रीते करेल छे। बहेन भाईने सेव, सुंवाळी, लापसी घीथी भरपुर सालिदाल सुगंधी मुखवास आदि जमाडीने भाईनो शोक दूर करे छे अने भाई पण बहेनने पहेरण पटोळा नवरंगी ओढणीओ, मोतीनो हार आदि उपहार आपे छे।

अंतमां दीवाळी पर्वनी आराधना तथा फळनुं वर्णन करता कर्ता कहे छे के जे आ पर्वनी आराधना करे तेने नव निधान उत्पन्न थाय छे। अने आ संसाररूपी सागरथी पार पामे छे।

द्वितीय क्रमे रहेल कृतिमां प्रतिलेखक द्वारा गाथा क्रमांक ४ आपवो रही गयेल जेने अमे सुधारेल छे। आंकणीमां आवता कल्याण शब्द पछी समाप्तिसूचक कोई संकेत आपेल न हतो तेने अमे योग्य रीते मूकेल छे। द्वितीय कृतिमां क्यांक क्यांक अशुद्धि साथे प्रास मेळ अने छंद मेळ माटे पण संशोधन मागी ले तेम छे (यथा गाथा नं-९मां छंद मात्रा मेळ नथी बेसतो।) कृतिना रचना स्थल के वर्षादिनो उल्लेख उपलब्ध नथी।

**कर्ता परिचयः-**

प्रथम क्रमे रहेल कृतिमां कर्ता माटे 'इम कहइ सुंदर हंस' नोंधेल छे अने द्वितीय क्रमे रहेल कृतिमां 'कर जोडी भणी हंसराय' पाठ मळे छे। आना परथी कर्ता नाम सुंदरहंस, हंसराज के मुनि हंस होवानुं अनुमान थाय छे। सुंदर ए कर्ताना गुरुनुं नाम पण संभवी शके छे. कृतिमां कर्ता विषे अन्य कोइ विगत प्राप्त थती नथी।

**प्रत परिचयः-**

प्रथम क्रमे रहेल कृति माटे प्रत क्र. ४८०८१ अने द्वितीय क्रमे रहेल कृति माटे प्रत क्र.-४२४६९नो उपयोग करेल छे। बन्नेय प्रतो आचार्य श्री कैलाससागरसूरि

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानमंदिर, कोबानी छे। तेमांथी प्रथम प्रत वि.सं. १९वी अनुमानित छे अने बीजी वि.सं.२०वी अनुमानित जणाय छे। बन्ने य प्रतोमां प्रतिलेखन पुष्पिका न होवाथी लेखन स्थळ के लहिया वगेरेनी माहिती प्राप्त थती नथी।

## दीपावलीपर्व सज्झाय

**प्रथम कृति -** सकल तीरथमांहि जिम वडूं, शेत्रुंज तीरथ धाम।
परब दीवाली तिम वडूं, कोडि सिरि तसु नाम ॥१॥

दीवाली आवी भलइ, ते दिन धिन सुविहाण।
वीरइं सिवसुख पांमीया गोयम केवलनाण ॥१॥ दीवाली[१]... आंचली ॥

समकित लीपुं आतमा[२] धुलु शीलिइं देह।
ज्ञान विज्ञाने चीतरुं, निघट घट कर एह ॥२॥ दीवाली...

उपसम जल नाही[३] करु[४], नरनारी ए सिणगार।
छठ करुं पोसह उचरु, जिम लहु सुख अपार ॥३॥ दीवाली...

सोल पुहर दीवा करु, उघाडिउ मोक्ष दूआर।
गुण गाउ गुरुदेवतणा, सफल करु संसार ॥४॥ दीवाली...

मोदक सेव सूहाडी, नवतत्वनइं नवकार।
जीवदया भीनांवडी(?), भोजन करुअ तिवार ॥५॥ दीवाली...

बारइ व्रत तुम्हे आदरु, सालिदालि घृत घोल।
सुगुरु वचन सुणि सालणां, सत्यवचन तंबोल ॥६॥ दीवाली...

जे जन पूजइ गुरु नमइ, ते उजूआलइ वंस।
तेह घरि नितु दीवालडी, इम कहइ सुंदर हंस ॥७॥ दीवाली...

***॥ इति गीतं ॥***

**द्वितीय कृति -** सकल तीरथमां जीन[५] वडो साधुजी तीरथ जाय।
परव दीवाली तम वडी, कोडे चरित्र सुमान ॥१॥

कल्याणक दीन आवीयो, सो दन दन सुदीवान।
विरं ते सर्व सुखसंपदा, गौतम केवलज्ञान ॥२॥ कल्याण...

---

१. दिवाली को परब आवियो, २. समकिते लेपोने आत्मा, ४. नाइ, ४. करी, ५. जन०,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपसम जल न(ना)हि करो, नरनारी करो रे शणगार,
साधु रिखीत सर्वे वंदना, उतरवुं भव पार ॥३॥ कल्याण...
समकीत लेपोने आत्मा, शीयल धोलो देश,
नान ज्ञान करी चींतवो, समत गुपत धरी वेल[६] ॥४॥ कल्याण...
छठ्ठ करोने पोसा उचरो, उगाडो मोक्षद्वार।
सोलपहोरना पोसा करो, जीम पामे भवपार[७] ॥५॥ कल्याण...
सजाते कालना पडीकमणा, मेरइया सुरी चार,
तपो ते जप करी चींतजो, वंदण करो रे जवार... ॥६॥ कल्याण...
बेनी ते बंधव नुतर्यो, बंधव मत कर्यो रीस,
आज अमारा घेर जमजो, नकर हससे लोक.... ॥७॥ कल्याण...
सेव सुवालीने लापसी, सारदाल ग्रथपुर[८],
क्षेमा रुपीनां करो सारणां, तस वचन तंबोल.... ॥८॥ कल्याण...
पहेरण पीत पटोरडां ओढण नवरंग गाढ,
लीला ते जगथी लाइने कांचली, जग मोतीनो रे हार... ॥९॥ कल्याण...
बंधवे बेनी शणगारीयां तस कारण भइ बेन,
दीवाली दीव वडी, मांडवडी अखातीज,
होलीनां पावन पेबडा, तस कारण भाइबीज... ॥१०॥ कल्याण...
असुर[९] दीवाली जे करे, ते घरे नवनीधान[१०],
विचरे ते सर्वे सुखसंपदा, कर जोडी भणी हंसराय... ॥११॥ कल्याण...
काल परोला परवेयया, सवु संघ करो रे जवार,
देव झार्याने साधु वांदीया, उतरवुं भवपार...... ॥१२॥ कल्याण...

***इति दीवाली स्तवन***

❋ ♦ ❋

---

६. गाथा ४-.... कमणा, मेराया शुभ ध्यान। तप तेलना करी सिंचणा, खामणे करो जुहा(र)..., ७. पामो भवनो पार, ८. सेव सूंहालि समकित लापसी, पचखांण कुरकपूर। आ गाथा क्रमांक ३ पर छे, ९. असुर-प्रत ४२४६९, एसी रे-प्रत १२६०९५, १०. ते घर नवनीध होय। ते घर...

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*राजरत्न रचित*

# ज्ञानपंचमीपर्व सज्झाय

**गजेन्द्र शाह**

जगतना समस्त पदार्थोमां ज्ञान सर्वोपरि छे। ज्ञान मात्र मुक्ति माटे ज जरूरी छे तेवुं नथी। संसारमां पण ते विना सुखनो भोगवटो शक्य नथी। तमाम भौतिक सुख-सामग्री होय पण ज्ञानावरणीयना उदये जीव अंध, मूक, पागल थइ जाय के कॉमामां जतो रहेल होय तो ते तमाम सुविधानो प्रायः कोई ज अर्थ रहेतो नथी। ज्ञान जगतना तमाम जीवोनी ओळख छे। जेमां अंशमात्र ज्ञान नथी ते जीव नहीं पण अजीवनी व्याख्यामां आवी जाय छे। शास्त्रोमां कह्युं छे के **अक्खरस्स अणंतभागो णिच्चुग्घाडिओ** जीवमां अक्षरनो अनंतमो भाग नित्य उघाडो रहे छे। सूक्ष्म निगोदमां रहेला जीवोमां पण भले अक्षरनो अनंतमो भाग खुल्लो होय पण एटलुं ज्ञान तो खरुं ज। सुविशुद्ध ज्ञाननी आराधनाना प्रभावे जीव क्रमशः पोतानामां रहेल ज्ञानने प्रगट करतो जाय छे अने ज्यारे ते संपूर्ण ज्ञान केवळज्ञानने प्रगट करी दे छे त्यारे ते संसारना तमाम कष्टोने कापीने शाश्वत मुक्तिसुखनो भोक्ता बने छे। एवा पवित्र ज्ञाननी आराधनामां वाचकने लयलीन करती प्रायः अप्रगट कृतिनुं अहीं प्रकाशन करवामां आवे छे।

**कृति परिचय**- शारदा माता तथा सद्गुरुनुं स्मरण करीने कृतिनो प्रारंभ करायो छे। मारुगुर्जर भाषामां सुंदर गेय पद्यबद्ध सरळताथी लोकभोग्य बनी जाय तेवी रचना छे। प्रतिक्रमणमां सामान्य दिवसे के विशेष पंचमीना दिवसे सज्झायना स्थाने उपयोगमां लेवी, गायक अने श्रोता बन्नेने ज्ञानाराधनामां तरबोळ करी दे एवी रचना छे। कृतिनो विषय, शब्दो, वाक्यो अने आंचली आराधक जीवमां उत्साहनो नवो संचार करे तेवा छे। आंचलीमां वारंवार गवाती कडी- **'सोभागी पंचमी कीजीए, वालेसर पंचमी कीजीए, गुणवंता पंचमी कीजीए'** वगेरे द्वारा कर्ताए पंचमीनी आराधना माटे वाचकने भारपूर्वक प्रेरणा करी छे।

ज्ञानपंचमीनी महत्ता दर्शावतां कर्ताए कृतिमां ६ उपमा आपी छे, यथा- जिनमूर्ति विना जेम जिनभवन न शोभे, पुरुष विना जेम नारी, लवण विना भोजन, पासा विना बाजी, दान विना समृद्धि, नेत्र विना मुख नथी शोभतुं तेम ज्ञानविना मनुष्य पण नथी शोभतो। एटलुं ज नहीं पण ते ज्ञान विना दीन छे।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञाननी महत्ता दर्शावतां कर्ताए महानिशीथसूत्रनो संदर्भ टांक्यो छे। महत्ता दर्शावी आगळ आराधना विधि बतावतां कह्यु के पांचमना पूर्व दिवसे अने पछीना दिवसे एकवार भोजन अने पांचमनो उपवास करवो। अहीं उपवासनी शास्त्रीय साची रीत परंपरानी स्पष्टता थाय छे। कोई पण उपवास करो तेनो नियम छे के आगळ-पाछळ एकासणुं करवुं। एटले ज उपवासना पच्चक्खाणमां **चउत्थं भत्तं** पाठ बोलाय छे। चार भक्तनो त्याग ते आ रीते करवानो छे। एक वात याद राखवी के आहारनी प्राचीन प्रणाली बे टाइम भोजननी ज छे। आयुर्वेद पण आज वातनी पुष्टि आपे छे-

**वामशायी द्विर्भुञ्जानो, षण्मुत्रि द्विपुरिषकः।**
**व्यायामी ब्रह्मचारी च, शतं वर्षाणि जीवती॥**

**अर्थ**-वामकुक्षी शयन, बे समय भोजन, दिवसमां ६ वार लघुशंका, २ वार वडीशंका, व्यायाम अने ब्रह्मचर्य पालन करनार व्यक्ति १०० वर्ष जीवे छे।

**अन्तरा प्रातरासं च सायमासं तथैव च।**
**सदोपवासी स भवेद्यो न भुङ्क्तेऽन्तरा पुनः॥**

**अर्थ**-जे व्यक्ति सवार-सांजना बे समयना भोजननी वच्चे कंइ पण खातो नथी ते सदा उपवासी छे। अर्थात् तेने उपवास करवाथी जे स्वास्थ्यलाभ प्राप्त थाय छे ते आनाथी थाय।

प्राचीन समयमां प्रायः सर्वत्र बे समय भोजननी ज प्रणाली हती। एटले ज उपवासना दिवसना बे टाइम अने आगळ-पाछळना एक-एक टाइम आहारनो त्याग करतां चार टाइम आहारनो त्याग थाय त्यारे ज **चउत्थं भत्तं** पाठ सार्थक बने। वर्तमानमां टी टाइम साथे एक ज दिवसमां चार-चार वार खावानुं, उपवासना पूर्व दिवसे सांजे भरपेट अत्तरवायणा अने पारणाना दिवसे छुट्टा मोढे आहार लेवातो होय तो ते शास्त्रीय परंपरा नथी। कर्ताए पूर्व-पछीना दिवसे एक समय भोजननो उल्लेख करीने उपवासनी सही रीतनो संकेत आप्यो छे। कर्तानी एक वात विचारणीय ए छे के पंचमी तपनो प्रारंभ ज्ञानपंचमीने बदले पर्युषणथी करवानुं जणाव्युं ते संदिग्ध छे। आ रहस्योद्घाटन विद्वानो करे ते अपेक्षित छे। अंते तपना उजमणानी वात, वरदत्त-गुणमंजरीना उदाहरण साथे तपनुं फळ, रचना समय अने कळशमां पोतानो परिचय आपी कृति पूर्ण करवामां आवी छे। कृतिनो रचना समय वि.सं. १६८५ चैत्र सुद पूर्णिमा रविवार छे।

**कर्ता परिचय-**

प्रस्तुत कृतिना कर्ता तपागच्छीय आचार्य विमलसोमसूरिनी परंपराना विद्वान

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



राजरत्न मुनि छे। विमलसोमसूरिनुं नाम ते समयना तपगच्छाधिपति तरीके दर्शाव्युं छे। ते तेमना गुरु पण छे के केम ते संशोधनीय छे। प्रतना लेखनना प्रारंभे मंगल स्मरण तरीके प्रतिलेखक द्वारा करायेल उल्लेख अनुसार राजरत्नजी उपाध्याय पदने वरेला होय तेम जणाय छे। ते सिवाय कर्ता विषे विशेष कोई उल्लेख प्राप्त थतो नथी।

**प्रत परिचय-**

प्रस्तुत कृतिनुं संपादन आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर, कोबानी एक मात्र प्रत क्र. ४८०४८ना आधारे करायुं छे। प्रतना एक पानामां ११ जेटली पंक्तिओ अने एक पंक्तिमां ४२ जेटला अक्षरो छे। प्रतनी मध्ये वापीयुक्त फुल्लिका, गोळ चंद्रक, अंक अने दंड लाल स्याहीथी युक्त छे। अक्षर सुंदर अने सुवाच्य छे। मात्र एक ज पानानी प्रत छे। तेमां मात्र आ एक ज कृतिनुं लेखन थयेल छे। प्रतना प्रारंभे प्रतिलेखक द्वारा मंगलाचरणरूपे **महोपाध्याय श्री५ श्री राजरत्न गणि गुरुभ्यो नमः** ना उल्लेखना आधारे प्रतनुं लेखन कर्ताना ज कोई शिष्य द्वारा थयुं होय तेम जणाय छे। लेखन रचनाना समीपवर्ती समयनुं होवाथी पाठशुद्धि होवी स्वाभाविक छे। लेखन स्थळ के लेखक विषे अन्य कोई माहिती उपलब्ध नथी।

## ज्ञानपंचमीपर्व सज्झाय

॥ऍ०॥ श्री गुरुभ्यो नमः ॥ महोपाध्याय श्री५ श्री राजरत्न गणि गुरुभ्यो नमः ॥

*॥ राग गुडी ॥*

सारदमाता चरण नमीनइं, लही सदगुरु सुपसाय।
ज्ञानपं(च)मी तप महिमा पभणुं, जिम हुइ निरमल काय ॥१॥

*सोभागी पंचमी कीजीइयूं (ये)। वाहलेसर पं०। गुणवंता पं०।*
*जेहथी अविचल वास। गावइ सुरवधू रास।*
*पुहचइ वंछित आस। दिन दिन अधिक विलास। सो०। आंचली।*

पंचमी तपथी ज्ञान लहीजइ, हुइ जयजयकार।
त्रिभोवनमाहि ज्ञान मनोहर, ज्ञानइ अरथभंडार ॥२॥ सो०...

दशवीकालिकसूत्र प्रमुखमांहि, वीरवचन मनि आंणि।
ज्ञान वडुं महीमंडलि कहीइ, पंचमी तपथी जाणि ॥३॥ सो०...

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिनमूरति विण भुवन न शोभइ, पुरुष विहूणी नारि।
लवण विहुंणु भोजन जेहवुं, पासा विहुंणी सारि ॥४॥ सो०...
दान विना जिम विविध परिग्रह, मुख जिम नेत्र विहीन।
ए जगमांहि जे नरनारी, ज्ञानविना तिम दीन ॥५॥ सो०...
महानिशीथ आगममांहि पांचमी, तपफल भाखियउं जेह।
चतुर पुरुष मनमांहि विचारी, मनशुद्धइं करु तेह ॥६॥ सो०...
परव पजूसणथी आरंभी, पांसठि मास उदार।
विधि पूरव जे ए तप करस्यइ, ते लहइ भवोदधि पार ॥७॥ सो०...
चुथि छट्ठइ भोजन एक वारह, पाचमी पाणाहार।
पौषधव्रत सच्चित परिहारी, भूमिशयन व्रतधार ॥८॥ सो०...
नमो नाणस्स जाप मनि धरउ, करउ ए विधि सार।
सकल सोभाग लहइ सुख संपति, कीरति रिद्धि विस्तार ॥९॥ सो०...
पूरइ तपि ऊजमणुं करवुं, पंच पंच प्रकार।
पाठां परति फलादिक ठवणी, नवकरवाली अपार ॥१०॥ सो०...
ज्ञानभगति करवी जिनपूजा, संघभगति अभिरांम।
एणी परि जे जन ए विधि करस्यइ, ते लहइ चिंतित काम ॥११॥ सो०...
ए तपथी गुणमंजरी कुमरी, वरदत्त नामि कुमार।
ते बिहुंनां मनवंछित फलीयां, परभवि सुख मनोहार ॥१२॥ सो०...
संवत सोलपंच्यासीआ वरसि, चैत्र मासि रविवार।
पुंनिमि दिन कहि राजरत्न मुनि, पांचमी तप सुविचार ॥१३॥ सो०...

## अथ कलश

इम नाण पंचमी तणु महिमा, सुगुण जाणी आदरु।
बहु ज्ञान पांमी सुख कामी, मुगति नारीनइ वरु॥
तपगच्छि गणधर सूरि सुंदर, विमलसोमसूरीसरो।
राजरत्न मुनिवर हरखि पभणइ, सयल संघ शिवंकरो ॥१४॥

***॥ इति श्री ज्ञानपंचमी सज्झाय संपूर्णाः ॥ श्रीरस्तु लेखकपाठकयोः ॥श्री॥***

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धर्मकथानुयोगनी महत्ता अने श्री देवभद्रसूरिकृत कथारत्नकोश

मुनिश्री पुण्यविजयजी

**(गतांक से जारी...)**

आ चार अनुयोग पैकी मात्र एक धर्मकथानुयोग ज एवो छे जे आमजनता सुधी पहोंची शके छे अने तेथी ज बीजा अनुयोगो करतां कोई अपेक्षाए तेनुं महत्त्व समजवानुं छे। जैन परंपरा अने वैदिक परंपरानी पेठे बौद्ध परंपराए पण कथानुयोगने स्थान आपेलुं छे एटलुं ज नहि, पण सरखामणीमां वैदिक परंपरा करतां बौद्ध परंपरा, जैन परंपरानी पेठे, आम जनतानी सविशेष प्रतिनिधि रहेली छे।

जैन परंपराना चरणकरणानुयोग माटे बौद्ध परंपरामां "विनयपिटक" शब्द, धर्म कथानुयोग माटे "सुत्तपिटक" अने गणितानुयोग तथा द्रव्यानुयोग माटे "अभिधम्म पिटक शब्द योजायो छे। "पिटक" शब्द जैन परंपराना "द्वादशांगीगणिपिटक" साथे जोडायेला "पिटक" शब्दने मळतो "पेटी" अर्थने बतावतो ज शब्द छे। सुत्तपिटकमां अनेकानेक कथाओनो समावेश छे। दीघनिकाय, मज्झमनिकाय, सुत्तनिपात वगेरे अनेकानेक ग्रंथोनो "सुत्तपिटक" मां समावेश थाय छे।

जैन परंपरानो धर्मकथानुयोग, बौद्ध परंपरानो सुत्तपिटक अने वैदिक परंपरानो इतिहास ए त्रणे शब्दो लगभग एकार्थक शब्दो छे। धर्मकथानुयोग, पथ्य भोजन-पान जेवो छे। जेम पथ्य अन्न-पान मानवशरीरने दृढ, नीरोगी, पुरुषार्थी, दीर्घजीवी अने मानवतापरायण बनावे छे, तेम धर्मकथानुयोग पण मानवना मनने प्रेरणा आपी बलिष्ठ, स्वस्थ, निग्रही, सदाचारी अने सदाचारप्रचारी बनावे छे अने अजरामर परिस्थिति सुधी पहोंचाडे छे।

बोलतां-चालतां, उपदेशक करतां धर्मकथानुयोग मानवना उपर एवी सारी असर उपजावे छे जे धीरे धीरे पण पाकी थयेली अने जीवनमां उतरेली होय छे। संक्षेपमां एम कही शकाय के धर्मकथानुयोग मानवने खरा अर्थमां मानवरूपे घडी शके छे अने आध्यात्मिक दृष्टिए पूर्ण स्वतंत्रता सुधी पहोंचाडे छे।

३. कथाना प्रकारो अने कथावस्तु–आचार्य श्री हरिभद्रसूरिवरे समराईच्चकहामां कथाओना विभाग करतां अर्थकथा, कामकथा, धर्मकथा अने संकीर्णकथा एम चार विभाग बताव्या छे। जे कथामां उपादानरूपे अर्थ होय, वणजवेपार, लडाई, खेती,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लेख-लखत वगेरेनी पद्धतिओ, कळाओ, शिल्प, सुवर्णसिद्धि वगेरे धातुवादो तथा अर्थोपार्जनना निमित्तरूप साम, दंड आदि नीतिओनुं वर्णन होय तेनुं नाम अर्थकथा। जेमां उपादानरूपे काम होय अने प्रसंगे प्रसंगे दूतीना अभिसारो, स्त्रीओनां रमणो, अनंगलेखो, ललितकळाओ, अनुरागपुलकित निरूपेलां होय ते कामकथा। जेमां उपादानरूपे धर्म होय अने क्षमा, मार्दव, आर्जव, अलोभ, तप, संयम, सत्य, शौच वगेरेने लगतां मानवसमाजने धारण-पोषण आपनारां अने तेनुं सत्त्वसंरक्षण करनारां वर्णनो होय ते धर्म कथा। अने जेमां धर्म, अर्थ अने काम ए त्रणे वर्गोनुं यथास्थान निरूपण होय अने ए त्रणे वर्गोने समजाववा तेम ज परस्पर अबाधक रीते व्यवहारमां लाववा युक्तिओ, तर्को, हेतुओ अने उदाहरण वगेरे आपेलां होय ते धर्मकथा।

कथाओना आ चार प्रकार पैकी केवळ एक धर्मकथा ज धर्मकथानुयोगमां आवे छे। मूळ जैन आगमोमां पण ज्ञाताधर्मकथांग, उपासकदशांग, अंतकृद्दशांग, अनुत्तरोपपातिकदशांग, विपाक वगेरे अनेक आगमो पण धर्मकथाने प्रधानपणे वर्णवे छे। ज्ञाताधर्मकथांगनुं जे प्राचीन कथासंख्या प्रमाण कहेवामां आव्युं छे तेमां ते आगममां साडा त्रण करोड कथाओ अने तेटली ज उपकथाओ वगेरे होवानुं कहेलुं छे। ए जोतां जैन परंपरामां धर्मकथानुं साहित्य केटलुं विपुल हतुं ए सहजमां ज कल्पी शकाय तेम छे।

धर्मकथाओमां पण युद्ध, खेती, वणज, कळाओ, शिल्प, ललितकळाओ, धातुवादो वगेरेनुं वर्णन आवे छे, परंतु धर्म प्रधान स्थाने होय अने बाकी बधुं आनुषंगिक रीते धर्मनुं पोषक होय। ए ज रीते अर्थकथा अने कामकथामां पण धर्मनुं वर्णन न ज आवे एम नहि, पण अर्थ अने काम एमां प्रधान होय; ए ज दृष्टिए ते ते कथाने तेवां तेवां नाम अपायेलां छे।

प्रस्तुत कथारत्नकोश धर्मकथाओनो महान ग्रंथ छे। तेमां उपर कह्या प्रमाणे अर्थकथा अने कामकथानुं प्रासंगिक निरूपण होवा छतां, धर्म प्रधान स्थाने होई तेने धर्मकथानो ग्रंथ गणवामां कशोय बाध नथी। आवी कथाओमां कथाओनी वस्तु दिव्य होय छे, मानव्य होय छे अने दिव्यमानव्य पण होय छे। कथारत्नकोशनी धर्मकथाओनी वस्तु प्रधानपणे मानव्य छे अने क्वचित् दिव्यमानव्य पण छे।

**(क्रमशः)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्राचीन पाण्डुलिपियों की संरक्षण विधि

राहुल आर. त्रिवेदी

**(गतांक से जारी...)**

## 3) सूचिकरण

पाण्डुलिपियों के रखरखाव के अंतर्गत सूचिकरण भी एक भाग है। (अंग्रेजी में) इसे डोक्युमेन्टेशन भी कहते हैं। कुछ विशेषज्ञ सूचिकरण को प्रिवेन्टीव कन्जर्वेशन का भाग नहीं मानते हैं। सूचिकरण एक ऐसी प्रक्रिया है, जिससे संग्रहित पाण्डुलिपियों की सूचनाएँ अगली पीढियों तक पहुँचाई जा सकती है। इसी कारण सूचिकरण का बहुत अधिक महत्त्व है। सूचीकरण के समय पर भी ध्यान पर आने वाली प्रतदशा आदि सूचनाओं को नोट करके रख लिया जाता है, ताकि आगे यथा समय प्रत को नवजीवन प्रदान किया जा सके. एकबार सही तरीके से जीर्ण प्रत का रेस्टोरेशन हो जाय तो उस प्रत का आयुष्य अगले १०० से ५०० वर्ष तक बढ जाता है उसे पढना सहज शक्य एवं सुगम हो जाता है।

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर में सूचिकरण की प्रक्रिया स्वनिर्मित विशिष्ट प्रोग्राम के अन्तर्गत अत्यन्त विशाल पैमाने पर व विशिष्ट रूप से की जाती है। इसका विवरण तो अलग से किया जाना ही उचित होगा, किन्तु इसके महत्त्व के बारे में थोड़ी जानकारी जरूरी है।

सूचीकरण की सीमित अवधारणा को विकसित करने में तथा ग्रंथालय विज्ञान की प्रचलित प्रणालियों के स्थान पर महत्तम उपयोगिता व सूझबूझ का उपयोग करते हुए यहाँ के पंडितगण, प्रोग्रामर तथा कार्यकर्तागण सदैव कार्यरत हैं। हस्तलिखित ग्रंथों की सूक्ष्मतम सूचनाओं को तर्कबद्ध व बहूपयोगी तरीके से सूचीबद्ध करना एक बहुत ही जटिल कार्य है, लेकिन अपेक्षित ग्रंथ विद्वानों को सरलता से उपलब्ध हो सके, इसके लिए यहाँ एक बहूद्देशीय सूचिकरण प्रणाली के माध्यम से कम्प्युटर में संग्रह किया जाता है। वर्तमान समय में ग्रंथालय सेवा में कम्प्युटर का महत्त्व अति आवश्यक एवं उपयोगी सिद्ध हो रहा है। हस्तलिखित, मुद्रित ग्रंथ, पत्र-पत्रिकाओं तथा उनमें समाविष्ट कृतियों की विस्तृत सूचनाएँ कम्प्युटराइज्ड की जा रही हैं।

इस प्रोग्राम के माध्यम से वाचकों की सुविधा हेतु पाण्डुलिपियों में पाई जानेवाली छोटी-बड़ी महत्त्वपूर्ण सूचनाओं का संग्रह किया जा रहा है। जैसे किसी मूल कृति तथा उसके ऊपर रचित अन्य पुत्र कृतियों सहित सम्पूर्ण कृति परिवार की उपयोगी सूचनाएँ, जिसमें कृति का मूल नाम, उनकी सन्ततियाँ, उनका परस्पर एक

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दूसरे के साथ सम्बन्ध, उनकी भाषा, स्वरूप, कर्त्ता, कर्त्ता की गुरु परम्परा, कृति का आदिवाक्य, अन्तिमवाक्य, कृति का परिमाण, तथा अन्य विशेष सूचनाओं का संग्रह किया जाता है। वह कृति कौन-कौन सी पुस्तकों, हस्तप्रतों अथवा अंकों में किस पृष्ठ पर उपलब्ध है, यदि कृति अपूर्ण है तो उसका कितना भाग हस्तप्रत अथवा पुस्तक में उपलब्ध है, इसकी सूचना भी दी जाती है।

इसके अतिरिक्त हस्तप्रतों में उपलब्ध कृतियों के विविध नाम, हस्तप्रत के प्रतिलेखक, जिसके पढने हेतु लिखी गई हो, उसकी सूचनाएँ, हस्तप्रत लिखवानेवालों की सूचनाएँ, हस्तप्रत का प्रतिलेखन वर्ष, जिस गाँव या शहर में हस्तप्रत लिखी गई हो उसकी सूचना, हस्तप्रत की भौतिक दशा, विशिष्ट लक्षण व अन्य विशेषताओं का उल्लेख किया जाता है। कृति के कर्त्ता, पुस्तक के सम्पादक तथा हस्तप्रतों के प्रतिलेखकों का उसकी गुरु परम्परा के साथ उल्लेख किया जाता है, जिसके अन्तर्गत श्रमण एवं गृहस्थ विद्वानों की बहूपयोगी वंशावलियाँ तैयार की जाती हैं। ये सूचनाएँ कृति की रचना प्रशस्ति, हस्तप्रतों की प्रतिलेखन पुष्पिका, पुस्तकों के सम्पादक आदि की सूचनाओं से, गच्छों की पट्टावलियों से, विस्तृत वंशावलियों से तथा प्रतिमा व शिलालेखों से संकलित की जा रही हैं। इनमें साधु/गृहस्थ की वंश-परंपरा, उनके द्वारा की गई रचनाएँ, लिखी-लिखवाई गई हस्तप्रतें, की-करवाई गई प्रतिष्ठा-अंजनशलाका, बनवाए गए जिनमन्दिर, निकाले/निकलवाए गए संघ आदि की सूचनाएँ, उनका हुआ नगरों/गाँवों में विचरण-निवास, उनका पारस्परिक सम्बन्ध, तत्कालीन राजा-मन्त्री की सूचनाएँ इत्यादि का समावेश होता है ।

प्रोग्राम में संकलित सूचनाओं के आधार पर अद्यावधि अप्रकाशित जैन साहित्य का सूचीपत्र बनाकर विद्वानों के संशोधन तथा संपादन कार्य में महत्त्वपूर्ण सहयोग किया जा रहा है। विद्वत्समाज को अमूल्य ग्रन्थों की दुर्लभ सूचनाओं की जानकारी दी जा रही है। इस सूचीपत्र में बहुत सारी ऐसी कृतियों की जानकारी प्राप्त होती है, जिसके अस्तित्व के विषय में विद्वानों को आज तक जानकारी नहीं है। इन कारणों से सूचिकरण का यह कार्य अत्यन्त महत्त्वपूर्ण सिद्ध हो रहा है।

प्राचीन पाण्डुलिपि संरक्षण विधि को मैंने यथामति संक्षेप में प्रस्तुत करने का प्रयास किया है। आशा है कि इससे वाचकवर्ग को विशेष जानकारियाँ प्राप्त होंगी। इन सूचनाओं से परम पूज्य साधु-साध्वीजी भगवन्त तथा ज्ञानभंडार के संचालकों को हस्तप्रतों के रखरखाव तथा उसकी सुरक्षा से सम्बन्धित यदि कोई विशेष जानकारी प्राप्त होगी, तो यह मेरा परम सौभाग्य होगा। हमारी ओर से ऐसे ही उपयोगी विषय भविष्य में भी प्रस्तुत किये जाएँगे।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तक समीक्षा

**डॉ. हेमन्त कुमार**

**ग्रन्थ नाम**- शास्त्राभ्यासनी कळा, **कर्ता**- मुनि श्री गुणहंसविजयजी, **प्रकाशक**- कमल प्रकाशन ट्रस्ट, अहमदाबाद, **प्रकाशन वर्ष**- वि. सं. २०६९, **भाषा**- गुजराती, **विषय**-पूज्य साधु-साध्वीजी भगवन्तों के अध्ययन-अध्यापन हेतु शास्त्रीय टीकाग्रंथों के मूल पाठ को सही ढंग से समझने एवं अर्थनिर्णय करने का विस्तृत परिचय।

प्रस्तुत ग्रंथ संयम के मार्ग में अग्रसर पूज्य महात्माओं के लिए प्रकाश स्तम्भ की तरह है, जिससे यह पता चलता है कि अब इसके बाद क्या? जिस प्रकार लम्बे सफर में निकले हुए यात्री को रास्ते पर लगे मील के पत्थर मार्गदर्शक का कार्य करते हैं, उसी प्रकार संयम के मार्ग पर अग्रसर पूज्य महात्माओं के लिए यह पुस्तक मार्गदर्शक है।

पूज्य मुनि श्री गुणहंसविजयजी म. सा. ने सर्वप्रथम स्वाध्याय मार्गदर्शिका नामक पुस्तक को प्रस्तुत किया, जिसमें अनेक शास्त्रों के साक्ष्यों के आधार पर तार्किक रूप से अध्ययन-अध्यापन के महत्त्व पर प्रकाश डाला है। शास्त्राभ्यास मुनि जीवन में कितना महत्त्वपूर्ण है, शास्त्रों का अध्ययन क्यों करना चाहिए? किससे करना चाहिए? कौन-कौन से शास्त्रों का? किस क्रम से अभ्यास करना चाहिए? इन सभी बातों को बहुत ही तर्कपूर्ण एवं सटीक उदाहरणों के साथ प्रस्तुत किया गया है।

शास्त्राभ्यासनी कळा ग्रंथ के अन्तर्गत पूज्यश्री ने बहुत ही सरल एवं सुगम्य भाषा में यह बताया है कि मूल पाठ एवं संबंधित टीका आदि के पाठों का अभ्यास किस प्रकार करना चाहिए, जिससे शीघ्र ही लक्ष्य की प्राप्ति हो सके। टीका में खास अर्थ में प्रयुक्त होने वाले खास प्रतीकात्मक शब्दों का एवं उनके प्रासंगिक अर्थघटन का परिचय दिया गया है। टीकाकार अपनी कथ्य बात को, अपने स्वरस एवं मतांतर आदि को किस तरह अभिव्यक्त करते है, कथन में रही हुई जटिलताओं को कैसे सुलझाना आदि अनेक बाते खूब ही अच्छी तरह से संकलित करके अध्येताओं के लिये प्रस्तुत की है।

पूज्यश्री की भावना है कि पूज्य साधु-साध्वीजी भगवंत को सर्वप्रथम उन विषयों का ज्ञान प्राप्त करना चाहिए जो उनके संयमजीवन में उपयोगी हो। ऐसा नहीं कि अनेक शास्त्रों का अध्ययन तो कर लिया किन्तु संयमजीवनोपयोगी ज्ञान की प्राप्ति ही नहीं हो पाई, जो सर्वप्रथम अपेक्षित था।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिस प्रकार आधुनिक व्यावहारिक शिक्षण पद्धति में अलग-अलग कक्षाओं के लिए अभ्यासक्रम बने हुए हैं। उस क्रम के अनुसार ही अध्ययन किया जाता है। जैसे प्राथमिक स्तर का अध्ययन करने वाला व्यक्ति सामान्य जीवन जीने के योग्य हो जाता है। उस निश्चित कक्षा के बाद विशिष्ट विषयों के लिए रास्ते अलग होते हैं, जहाँ से आगे अध्ययन करने के बाद व्यक्ति किसी विशिष्ट क्षेत्र में विशेषज्ञ बनता है।

प्रस्तुत ग्रंथ में जितने भी दृष्टान्त दिए गए हैं, प्रायः उत्तराध्ययनसूत्र-शान्तिसूरि वृत्ति प्रथम अध्ययन और उपदेशमाला-सिद्धर्षिगणि की वृत्ति में से लिए गए हैं। शास्त्राभ्यासनी कळा में जिन कलाओं को दर्शाया गया है, उनके अभ्यास (प्रैक्टिस) के लिए पूज्यश्री ने शास्त्राभ्यासनी कळानी कसोटी नाम से उत्तराध्ययनसूत्र के प्रथम अध्ययन (विनय अध्ययन) की शान्तिसूरि कृत वृत्ति तथा उपदेशमाळा की ५५ गाथाओं तथा उसकी सिद्धर्षिगणि कृत वृत्ति का प्रस्तुत पुस्तक में निदर्शित सिद्धांतों का यथा स्थान परिचय करवाते हुए अलग पुस्तक के रूप में बहुत सुन्दर विवेचन करके प्रकाशित करवाया है। शास्त्राभ्यास करने के लिए, उन दोनों पुस्तकों का अध्ययन बहुत आवश्यक है।

शास्त्राभ्यासनी कळा के साथ-साथ अभ्यास मार्गदर्शिका, उपदेशमाळा सिद्धर्षिगणि कृत वृत्ति एवं उत्तराध्ययनसूत्र की शान्तिसूरि कृत वृत्ति ये चारों ग्रंथ पूज्यश्रीजी की दृष्टि में संयमी महात्माओं के लिए अत्यन्त उपयोगी हैं। शास्त्र भी है, अभ्यास करनेवाले भी हैं, किन्तु योग्य विधि एवं समझ के अभाव में अपेक्षित परिणाम प्राप्त नहीं हो पाता है। अतः किसी भी कार्य को करने के लिए यदि स्वयं अनुभव नहीं हो तो जिस प्रकार एक मार्गदर्शक की आवश्यकता होती है उसी प्रकार शास्त्राभ्यास हेतु भी यह ग्रंथ पूज्यश्रीजी की एक सीमाचिह्नरूप प्रस्तुति है।

प्रस्तुत ग्रंथ का प्रकाशन एवं मुद्रण भी बहुत ही सुंदर एवं आकर्षक है। आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर, कोबा परिवार का यह सौभाग्य है कि पूज्यश्री ने इस पुस्तक की रचना में ज्ञानमंदिर में संकलित ग्रंथों का अधिक उपयोग किया है। संघ, विद्वद्वर्ग, जिज्ञासु इसी प्रकार के और भी उत्तम प्रकाशनों की प्रतीक्षा में हैं। मुनिश्री की साहित्यसर्जन यात्रा सदैव जारी रहे, ऐसी शुभेच्छा है।

❋ ♦ ❋

For Private and Personal Use Only

Acharya Padmasagarsuri

# दीपावली एवं नूतन वर्ष की मंगलमय शुभकामनाएँ

भगवान महावीरस्वामी के निर्वाणोत्सव तथा लब्धिनिधान गणधर गौतमस्वामी के केवलज्ञान की प्राप्ति के मंगलमय अवसर पर आपको एवं आपके समस्त परिवार को खूब-खूब आशीर्वाद।

वीर संवत् २५४७ का यह नववर्ष आपके एवं आपके समस्त परिवारजनों के लिए धर्ममय, मंगलमय, सुखद एवं समृद्धियुक्त हो ऐसी हार्दिक शुभकामनाएँ। आप सबके लिए इस नूतनवर्ष का प्रत्येक दिन प्रगति एवं उन्नति से भरा हो, धार्मिकता से परिपूर्ण हो और देव-गुरु की कृपा आप सभी पर निरंतर बरसती रहे, इन मंगल कामनाओं के साथ पुनः पुनः अंतर के असीम आशीर्वाद।

आचार्य पद्मसागरसूरि

Shri Mahavir Jain Aradhana Kendra Koba-382426. Gandhinagar
079-23276204/5 Fax:079-23276249 @ kobatirth@yahoo.com +91 97266 17570



For Private and Personal Use Only

Registered Under RNI Registration No. GUJMUL/2014/66126 SHRUTSAGAR (MONTHLY). Published on 15th of every month and Permitted to Post at Gift City SO, and on 20th date of every month under Postal Regd. No. G-GNR-334 issued by SSP GNR valid up to 31/12/2021.



कोबा तीर्थ से LIVE

जीवन की उन्नति के लिए - महाप्रभावसंपन्न
नूतनवर्ष का मांगलिक एवं गौतम रास

श्रद्धालुओं के लिए
# स्वर्णिम अवसर

YouTube के माध्यम से राष्ट्रसंत पूज्य - आचार्यदेव श्री पद्मसागरसूरीश्वरजी महाराजा की गुरुवाणी से लाभान्वित हो सकते हैं।

: शुभ दिन :
16 नवम्बर 2020, सोमवार
समय : सवेरे 6:15

: लाभार्थी :
श्री चिमनलाल पोपटलाल राणा शेठ
हस्ते : विक्रम चिमनलाल ब्रोकर परिवार

आयोजक : श्री महावीर जैन आराधना केन्द्र, कोबा - गांधीनगर (अहमदाबाद)

Aacharya Shri Padmasagarsurishwarji Maharaja GURUKRUPA1990

BOOK-POST / PRINTED MATTER

प्रकाशक
श्री महावीर जैन आराधना केन्द्र
आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर, कोबा
जि. गांधीनगर ३८२४२६
फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२
फेक्स (०७९) २३२७६२४९
Website : www.kobatirth.org
email : gyanmandir@kobatirth.org

Printed and Published by : HIREN KISHORBHAI DOSHI, on behalf of SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA, New Koba, Ta.&Dist. Gandhinagar, Pin-382426, Gujarat. And Printed at : NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat, Dudheshwar, Ahmedabad-380004 and Published at : SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA, New Koba, Ta.& Dist. Gandhinagar, Pin-382426, Gujarat. Editor : HIREN KISHORBHAI DOSHI



For Private and Personal Use Only